# ૨. અંધેરી નગરી

**દલપતરામ**

ઇ.સ. ૧૮૨૦ની ૨૧મી જાન્યુઆરીએ તેમનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ ગામમાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ ત્યાંની ગામઠી શાળામાં લીધું ત્યારથી જ પ્રાસવાળી કવિતા રચવાનો શોખ ધરાવતા. સ્વામિનારાયણ સંપ્રદાયમાં માનતા હતા. કાવ્યશાસ્ત્ર, છંદશાસ્ત્ર અને વ્રજભાષાની કાવ્યરીતિનું શિક્ષણ મેળવ્યું હતું. તેમની મોટાભાગની કવિતા પ્રાસંગિક, ઉપદેશાત્મક, સુધારાવાદી વલણવાળી લોકપ્રિય હતી.

તેમની ટૂંકી રચનાઓમાં ગરબી, પદો અને છંદોબદ્ધ કાવ્યોનો સમાવેશ થાય છે. તેમનું ગદ્યસર્જન પણ વૈવિધ્યપૂર્ણ છે. 'ફાર્બસવિરહ' તેમની લાંબી વિશેષ રચના છે. 'મિથ્યાભિમાન' નાટક, 'દલપત પિંગળ', 'કાવ્યદોહન ભાગ ૧-૨-૩' તેમની નોંધપાત્ર કૃતિઓ છે. ૨૫ માર્ચ, ૧૮૯૮ના રોજ અમદાવાદમાં તેમનું અવસાન થયું હતું.

**સૂર કૃતિનો**

આ વ્યંગાત્મક કથાકાવ્યના માધ્યમથી કવિ માનવની સહજવૃત્તિને ઉજાગર કરે છે. પોતાની ભૂલ ના સ્વીકારતાં બીજા ઉપર દોષનો ટોપલો ઢોળવો સરળ છે પણ બીજાના ગુણોને ખુલ્લા દિલે આવકારવા બહુ મુશ્કેલ છે. અહીં પ્રસ્તુત વાર્તામાં અભણ રાજા જેવી જ અભણ તેની પ્રજા છે. દરેક વ્યક્તિ કે વસ્તુને એક જ ત્રાજવે તોલનાર વ્યક્તિને અજ્ઞાનતાનું ભાન કરાવનાર આ કવિતા વ્યંગાત્મક રીતે સત્ય તરફ અંગુલિનિર્દેશ કરે છે.

જ્યાં સારાં-નરસાંનો વિવેક નથી ત્યાં એક ગુરુ અને ચેલો આવી ચડે છે. લોટ આપીને સુખડી મળવાથી શિષ્ય ખુશ થઈ ગુરુને વાત કરે છે. ત્યારે ગુરુ તે ગામમાં રહેવાની ના પાડે છે. પરંતુ શિષ્ય ગુરુની વાત માનતો નથી. તે જ ગામમાં રહે છે. ગુરુ બીજે ગામ જતા રહે છે. શિષ્ય ઘણો સમય તે ગામમાં રહી તાજોમાજો થઈ જાય છે. પરંતુ એક દિવસ ચોરીના આરોપસર તેને રાજાના દરબારમાં લવાય છે ત્યારે શિષ્ય રાજા પાસેથી મુદત લઈ ગુરુને લઈ આવે છે. ગુરુ ચતુરાઈપૂર્વક શિષ્યને બચાવી લે છે. આ કવિતા ઉપરથી બોધ મળે છે કે ''ગુરુની વાત હંમેશાં માનવી જોઈએ.''

(ભુજંગી)

પુરી એક અંધેરી ને ગંડુ રાજા, ટકે શેર ભાજી ટકે શેર ખાજાં;
બધી ચીજ વેચાય ત્યાં ભાવ એકે, કદી સારી બૂરી ન વેચે વિવેકે. ૧

ત્યાં જઈ ચડયા બે ગુરુ એક ચેલો, ગયો ગામમાં માગવા શિષ્ય પેલો;
લીધી સુખડી હાટથી આપી આટો, ગુરુ પાસ જઈને કહે ખૂબ ખાટચો. ૨

ગુરુજી કહે રાત રહેવું ન આંહી, સૌ એક ભાવે ખપે ચીજ જ્યાંહી;
હશે ચોર ને શાહનો ન્યાય એકે, નહિ હોય શિક્ષા ગુનાની વિવેકે. ૩

ન એ વસ્તીમાં એકવાસો વસી જે, ચલો સદ્ય, ચેલા, જવું ગામ બીજે;
કહે શિષ્ય ખાવાપીવા ખૂબ આંહી, તજી તેહ હું તો ન આવીશ ક્યાંહી. ૪

ગુરુએ બહુ બોધ દીધો જ ખાસો, નહિ યોગ્ય અહીં રહે રાતવાસો;
ન માની કશી વાત તે શિષ્યે જ્યારે, ગુરુજી તજીને ગયા ગામ ત્યારે. ૫

રહ્યા શિષ્યજી તો તહીં દિન ઝાઝા, બહુ ખાઈ પીને થયા ખૂબ તાજા;
પછીથી થયા તેહના હાલ કેવા, કહું છું હવે હું સુણો સર્વ તેવા. ૬

(દોહરા)

તસ્કર ખાતર પાડવા, ગયા વણિકને દ્વાર;
તહાં ભીંત તૂટી પડી, ચોર દબાયા ચાર. ૭

માત પ્રભાતે ચોરની, ગઈ કરવા ફરિયાદ;
શૂળી ઠરાવી શેઠને, ડોશીની સુણી દાદ. ૮

એવું ઘર કેવું ચણ્યું, ખૂન થયાં તે ઠાર;
રાતે ખાતર ખોદતાં, ચોર દબાયા ચાર. ૯

વણિક કહે કડિયા તણો એમાં વાંક અપાર;
ખરેખરી એમાં નથી, મારી ખોડ લગાર. ૧૦

કડિયાને શૂળી ઠરી, વણિક બચ્યો તે વાર;
ચૂક ગારો કરનારની, કડિયે કરી ઉચાર. ૧૧

ગારો કરનારો કહે, પાણી થયું વિશેષ;
એ તો ચૂક પખાલીની, મારી ચૂક ન લેશ. ૧૨

પુરપતિ કહે પખાલીને, જો તું શૂળીએ જાય;
આજ પછી આ ગામમાં એવા ગુના ન થાય. ૧૩

મુલ્લાં નીસર્યો મારગે મેં જોયું તે દિશ;
પાણી અધિક તેથી પડ્યું, રાજા છાંડો રીશ. ૧૪

મુલ્લાજીને મારવા, કરી એવો નિરધાર;
શૂળી પાસે લઈ ગયા, મુલ્લાંને તે વાર. ૧૫

ફલ જાડું શૂળી તણું, મુલ્લાં પાતળે અંગ;
એવી હકીકત ચાકરે, જઈ કહી ભૂપ પ્રસંગ. ૧૬

ભૂપ કહે શું હરઘડી, પૂછો આવી કોઈ;
શોધી ચડાવો શૂળીએ, જાડા નરને જોઈ. ૧૭

જોતાં જોતાં એ જડ્યો, જોગી જાડે અંગ;
બહુ દિન ખાઈને બન્યો રાતેમાતે રંગ. ૧૮

શિષ્ય મુદત માગી ગયો, ગુરુ પાસે પસ્તાય;
ગુરુએ આવી ઉગારીઓ અદ્‌ભુત કરી ઉપાય. ૧૯

જોગી શૂળી પાસ જઈ, કહે ભૂપ સુણ કાન;
આ અવસર શૂળીએ ચડે, વેગે મળે વિમાન. ૨૦

ચેલો બોલ્યો હું ચડું, એ ગુરુ કહે હું આપ;
અધિપતિ કહે ચડી એ ચળે, પૂરણ મળે પ્રતાપ. ૨૧

ગુરુ-ચેલાને ગામથી પહોંચાડ્યા ગાઉ પાંચ;
રાજા શૂળી ઉપર રહ્યો, અંગે વેઠી આંચ. ૨૨

જહાં ભણેલ ન ભૂપતિ, નીપજે એવો ન્યાય;
દેશસુધારાની તહાં, આશા શી રખાય ? ૨૩

### માર્ગદર્શક સ્તંભ

આ કૃતિનું અધ્યાપન કરાવવાની શરૂઆત કરતાં પહેલાં આ કવિતાનું સમૂહગાન કરાવી શકાય. તે ગાવાથી વિદ્યાર્થીઓને કાવ્યના વિષયવસ્તુનું લગભગ જ્ઞાન થઈ જશે. છતાં ત્યારપછી પ્રશ્નોની સહાયથી વિદ્યાર્થીઓના ઉત્તરને આધારે આખી વાત વાર્તારૂપે સમજાવી શકાય.

વાર્તા સમજાઈ ગયા પછી વિદ્યાર્થીઓ પાસે પણ વાર્તારૂપે કવિતાનો સાર રજૂ કરાવી શકાય. આ કવિતાનો મુખ્ય સાર છે કે, 'ગુરુની આજ્ઞાનું પાલન કરવું.' 'સારાસારનો વિવેક રાખવો અને સમજવો પણ', 'કોઈપણ બાબતની લાલચમાં ફસાવું નહિ' વગેરેનું વિદ્યાર્થીઓમાં દઢીકરણ થાય તે માટે પ્રેરણા આપવી.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો લખો :**

| | | | |
|---|---|---|---|
| (૧) દુકાન | (૨) સજા | (૩) ખામી | (૪) મહેતલ |
| (૫) ગોળપાપડી | (૬) ઉપદેશ | (૭) ઝડપ | (૮) તક |

સ. ૨. કવિતામાં કેટલાક સમાનાર્થી શબ્દોની જોડીઓ આપેલી છે. તે શોધીને લખો :

દા.ત. રાજા-ભૂપતિ




સ. ૩. ઉદાહરણ પ્રમાણે શબ્દો બનાવો : દા.ત. મૂર્ખ – મૂર્ખાઈ

(૧) જાડું (૨) મોટું (૩) સાદું

(૪) કડક (૫) ગરીબ (૬) ભલું

સ. ૪. શબ્દપ્રયોગને વાક્યમાં વાપરો :

(૧) ખાતર પાડવું (૨) ત્યજી દેવું (૩) નિર્ધાર કરવો

(૪) રાતવાસો કરવો (૫) શૂળીએ ચડવું (૬) રીસ છોડવી

સ. ૫. વર્ણમાળાના ક્રમ પ્રમાણે શબ્દો ગોઠવો :

(૧) ભીંત, ખાતર, ખાજાં, રાત, ગુનો, જોગી, ભૂપતિ ______________________________

(૨) વણિક, કડિયો, મુલ્લાં, શિષ્ય, ગુરુ, તસ્કર ______________________________

સ. ૬. નમૂના પ્રમાણે લખો : દા.ત. મૂરખ : વિદ્વાન

(૧) શહેર (૨) વિવેક (૩) આશા

(૪) ચોર (૫) ભણેલા (૬) પ્રભાત

સ. ૭. યોગ્ય વિકલ્પ પસંદ કરીને વિધાન પૂર્ણ કરો :

(૧) શિષ્યએ _________________ સુખડી લીધી.

(અ) પૈસા ખર્ચીને (આ) મંદિરમાંથી પ્રસાદીની (ઇ) આટો (લોટ)આપીને

(૨) _________________ માતા રાજાના દરબારમાં ગઈ.

(અ) ચોરની ફરિયાદ કરવા (આ) રાજાને મળવા (ઇ) મકાનમાલિકની ફરિયાદ કરવા

(૩) વણિકે _________________ વાંક ગણાવ્યો.

(અ) પખાલીનો (આ) કડિયાનો (ઇ) ડોશીનો

(૪) ગુરુએ શૂળીએ ચડવાના સમયને શુભ ગણાવતા કહ્યું કે _________________.

(અ) રાજગાદી મળશે (આ) વેગે વિમાન મળશે (ઇ) પૂર્ણ કૃપા મળશે

**સ. ૮. ઓળખો :**

(૧) ગંડુ રાજાની નગરી - ____________________________

(૨) ગામમાં માગવા જનાર - ____________________________

(૩) અંધેરી નગરી છોડી જવાનું કહેનાર - ____________________________

(૪) વણિકના ઘરે ખાતર પાડવા જનાર - ____________________________

(૫) ભીંત તૂટી પડતાં તેની નીચે દટાઈ જનાર - ____________________________

(૬) ગારો કરનારને ગુનેગાર ગણાવનાર - ____________________________

(૭) મુલ્લો પાતળો હોવાનું રાજાને કહેનાર - ____________________________

(૮) શિષ્યને શૂળીએ ચડતો બચાવનાર - ____________________________

**સ. ૯. ખાલી જગ્યા પૂરો :**

(૧) __________________ તહાં, આશા શી રખાય?

(૨) શોધી ચડાવો __________________, જાડા નરને જોઈ.

(૩) ખરેખરી એમાં નથી, મારી __________________ લગાર.

(૪) હશે ચોર ને શાહનો _____________ એકે, નહિ હોય શિક્ષા _____________ વિવેકે.

(૫) તસ્કર ____________ પાડવા, ગયા વણિકને દ્વાર;

**સ. ૧૦. સમજીને લખો :**

(૧) ગુરુએ શિષ્યને અંધેરી નગરીમાં ન રહેવા માટે કહ્યું કારણ કે...

(૨) શિષ્ય ગુરુ સાથે જવાને બદલે તે જ નગરીમાં રહ્યો તેનું કારણ...

(૩) ગુરુએ શિષ્યને બચાવવા કહેલી વાત...

**સ. ૧૧. પ્રસ્તુત કાવ્યની વાર્તા તમારા શબ્દોમાં લખો.**

**સ. ૧૨. કાવ્યમાંથી શોધીને યોગ્ય વિશેષણ લખો :**

| | | | |
|---|---|---|---|
| (૧) પાણી | (૨) અંગ | (૩) નર | (૪) ઉપાય |
| (૫) ગાઉ | (૬) બોધ | (૭) દિન | (૮) ચોર |

**સ. ૧૩. જાતિ બદલો :**

| | | |
|---|---|---|
| (૧) રાણી | (૨) વાણિયણ | (૩) પિતા |
| (૪) કુંભાર | (૫) શેઠાણી | (૬) શિષ્ય |

**સ. ૧૪. વચન બદલો :**

| | | |
|---|---|---|
| (૧) દરવાજો | (૨) ચેલો | (૩) તાળું |
| (૪) કેળું | (૫) ટોપલી | (૬) સહિયર |

સ. ૧૫. વાક્યના પ્રકાર લખો :

(૧) દેશસુધારાની આશા કેવી રીતે રાખી શકાય? (૨) વાહ ! ફૂલની સુગંધ સરસ છે.

(૩) જા, મારા માટે પાણી લઈ આવ. (૪) મને વાર્તા સાંભળવી ખૂબ ગમે છે.

★ 'શિક્ષણનું મહત્ત્વ' વિષય પર વર્ગમાં વિદ્યાર્થીઓના જૂથ પાડીને ચર્ચા કરો/સંવાદ સાધો.

## પ્રકલ્પ

★ કવિ દલપતરામનું અન્ય કોઈપણ એક કાવ્ય કાર્ડપેપર ઉપર લખી તેનો સારાંશ નીચે લખીને એક ચાર્ટ તૈયાર કરો.

## લેખન કૌશલ્ય

★ નીચેના મુદ્દા પરથી વાર્તા લખીને યોગ્ય શીર્ષક આપો :

એક આંધળો, બીજો લંગડો... બંનેને પડતી તકલીફો... બંનેએ કરેલ સમજૂતી... લંગડો આંધળાના ખભે બેસી રસ્તો બતાડે... બંનેની તકલીફોનું સમાધાન.

## વિશેષ વાંચન

### દીવાદાંડી

'જાતાં જાતાં સફરમહીં' આ સિન્ધુના માર્ગમાંહી
છૂપા ઊભા ખડક તહીં જે કાળ શા નાવ કેરા !
તૂટ્યા જહાજો, ઝઝૂમી મરિયા જે ખલાસી બધા ત્યાં,
દીવાદાંડી-સ્વરૂપ ઝળકે પ્રાણ શું સર્વનો આ ?
દૂરેથી કે જલધિજલના માર્ગમાં નાવ આવે,
સંદેશાઓ ચમકી ચમકી વ્હાણને એ કહાવે,
'ના, ના, ના, ના, અહીં નહિ; અહીં કાળ ઊભો લપાઈ;
તારું આંહી જીવન સઘળું, પ્રાણ જાશે હરાઈ,'
સંદેશાઓ ઝબકી ઝબકી આવતા પ્રાણકેશ,
સૂણીને સૌ દિશ બદલતા નાવ કેરા ખલાસી,
જાતાં મારું જીવન-જલધિ માર્ગ જો નાવ તૂટે,
દીવાદાંડી બની રહી તહીં ચેતવું સૌ પ્રવાસી.

– પ્રહ્‌લાદ પારેખ

7DFK96

મૂર્ખ મિત્ર કરતાં શાણો શત્રુ સારો.